


# વાંદરાની પૂંછડી







ગામની પાસે એક જંગલ હતું.
જંગલમાં એક મોટું ઝાડ હતું.




એક વાંદરો ઝાડ પર બેઠો હતો.
તેની પૂંછડી જમીનને અડતી હતી.




ઝાડ નીચે એક ખિસકોલી
રમતી હતી.




ખિસકોલી પૂંછડી પકડી
હીંચકા ખાવા લાગી.




તેણે બીજી ખિસકોલીઓને પણ
હીંચકા ખાવા માટે બોલાવી લીધી.




બધી જ ખિસકોલીઓ વાંદરાની પૂંછડી પર હીંચકા ખાવા લાગી.



ખિસકોલીઓના ભારથી વાંદરો ઝાડ પરથી નીચે પડી ગયો.



બધી જ ખિસકોલીઓ ડરી ગઈ.



વાંદરાએ ખિસકોલીઓને જોઈ અને
મોટે-મોટેથી હસવા લાગ્યો.

## વાંદરાની પૂંછડી

ગામની પાસે એક જંગલ હતું. જંગલમાં એક મોટું ઝાડ હતું. એક વાંદરો ઝાડ પર બેઠો હતો. તેની પૂંછડી જમીનને અડતી હતી. ઝાડ નીચે એક ખિસકોલી રમતી હતી. ખિસકોલી પૂંછડી પકડી હીંચકા ખાવા લાગી. તેણે બીજી ખિસકોલીઓને પણ હીંચકા ખાવા માટે બોલાવી લીધી. બધી જ ખિસકોલીઓ વાંદરાની પૂંછડી પર હીંચકા ખાવા લાગી. ખિસકોલીઓના ભારથી વાંદરો ઝાડ પરથી નીચે પડી ગયો. બધી જ ખિસકોલીઓ ડરી ગઈ. વાંદરાએ ખિસકોલીઓને જોઈ અને મોટે-મોટેથી હસવા લાગ્યો.



શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ ગાંધીનગર

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૮ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
કવર પેજ - "૪ પાના." ૩૦૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૩૦૫ X ૪૫૭ એમ.એમ. બાઈન્ડીંગ : સેન્ટર બાઈન્ડીંગ ( ટુ પીન)